**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૬૯૭૨ તા.૨૪/૦૮/૨૦૨૧

**પરિપત્ર- ૨૫૦૩**

સંદર્ભ:- (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો પત્ર ક્રમાંક: ISC-7/યુનિ/૨૦૨૧.
(૨) યુનિવર્સિટીનો તા.૨૧/૦૮/૨૦૨૧ પરિપત્ર:-૨૪૯૭.
(૩) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો તા.૨૩/૦૮/૨૦૨૧ પત્ર ક્રમાંક: ISC-7/યુનિ/૨૦૨૧.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભાવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કૉ-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અંતર્ગત સંદર્ભ-૩ દર્શિત પત્રથી વિગતવાર કાર્યક્રમનું આયોજન કરવાનું નિયત કરવામાં આવેલ છે. જે મુજબ આપની કોલેજ કક્ષાએથી નિયત સમયમર્યાદામાં કાર્યક્રમનું આયોજન કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલ વિદ્યાર્થીઓની માહિતી નીચે જણાવેલ લીંક પર ભરી મોકલી આપવાની રહેશે અને હાર્ડકોપી તા. ૦૫/૦૯/૨૦૨૧ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં યુનિવર્સિટી ખાતે મોકલી આપવાની રહેશે.

લિંક:- https://forms.gle/usYVjnxEQD92YAkK8

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કૉ-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ સારું.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ તા. ૨૩/૦૮/૨૦૨૧

પ્રતિ,
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ.
- આચાર્યશ્રી, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ હેઠળની તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી સંસ્થાઓ

વિષય : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે મેઘાણીના ગીતોની સ્પર્ધા યોજવા બાબત

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે માન. મુખ્યમંત્રી દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્ય કાર્યક્રમ તથા ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓમાં યુનિવર્સીટીઓ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગની જિલ્લાકક્ષાની કચેરી દ્વારા તારીખ ૨૮ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ કાર્યક્રમ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણીના ગીતોની સ્પર્ધાના આયોજની જાહેરાત કરવામાં આવનાર છે.

જેના ભાગરૂપે તા.૨૯/૦૮/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૧ દરમ્યાન શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે રાજ્યની તમામ કોલેજો, યુનિવર્સિટી તેમજ રાજ્ય કક્ષાએ મેઘાણીના ગીતોની સ્પર્ધાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| સ્પર્ધાનું નામ : રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેચંદ મેઘાણી દ્વારા રચિત અને સંપાદિત ગીતોનું કાવ્યગાન (શૌર્યગીત, લોકગીત વગેરે) | | | |
|---|---|---|---|
| ક્રમ | કાર્યક્રમ | તારીખ | સર્ટીફીકેટ/ઇનામ |
| ૧ | કોલેજ કક્ષાએ | ૨૯/૮/૨૦૨૧ થી ૪/૯/૨૦૨૧ | પ્રથમ, દ્વીતીય તથા તૃતીય ક્રમના વિજેતાઓને સર્ટીફીકેટ |
| ૨ | યુનિવર્સિટી કક્ષાએ | ૫/૯/૨૦૨૧ થી ૨૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૨,૧૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૧,૫૦૦ તથા તૃતીય વિજેતાને રૂ.૧,૦૦૦ |
| ૩ | રાજ્ય કક્ષાએ | ૨૧/૯/૨૦૨૧ થી ૩૦/૯/૨૦૨૧ | પ્રથમ વિજેતાને રૂ.૧૧,૦૦૦, દ્વીતીય વિજેતાને રૂ.૭,૫૦૦, તૃતીય વિજેતાને રૂ. ૫,૦૦૦, ચતુર્થ વિજેતાને રૂ. ૪,૦૦૦ તથા પાંચમા વિજેતાને રૂ.૩,૦૦૦ |

ઉક્ત સ્પર્ધાઓ માટે આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી વધુને વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધમાં ભાગ લે તે માટે પ્રોત્સાહિત કરવાના રહેશે. કોલેજ કક્ષાએ નિર્ણાયકો તરીકે (૧) આચાર્યશ્રી ના પ્રતિનિધિ (૨) યુવા સાંસ્કૃતિક વિભાગના જિલ્લા કક્ષાના અધિકારી/તેમના પ્રતિનિધિ (૩) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

કોલેજ કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેશે અને વિજેતાઓને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે. યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધા માટે નિર્ણાયકો તરીકે (૧) યુનિવર્સિટીના પ્રતિનિધિ (૨) કલેક્ટર કચેરીના પ્રતિનિધિ (૩) યુવા સાંસ્કૃતિક વિભાગના પ્રતિનિધિ (૪) લોકસાહિત્યકાર હોય તે ઇચ્છનીય છે.

યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે આવેલ વિદ્યાર્થીઓને રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૧/૦૯/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદના સંકલનમાં રહી આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે મોકલી આપવાના રહેશે. રાજ્યકક્ષાની સ્પર્ધા માટેના નિર્ણાયકો કે.સી.જી. કચેરીએ રમત–ગમત, યુવા સાંસ્કૃતિક વિભાગના સંકલનમાં રહી નક્કી કરવાના રહેશે.

ઉપરોકત તમામ કાર્યવાહી એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ તથા ઓ.એસ.ડી, શ્રી આર.કે.શાહ (AISHE)ના (ઈ–મેલ : sno-aishe@gujgov.edu.in, sno-kcg@gujarat.gov.in સંપર્ક નં.7574827504) સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નિયામક
ટેકનિકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

નકલ રવાના જાણ સારુઃ–

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ

**Shri Govind Guru University, Godhra**
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૧/૬૮-૨૮ તા.૨૧/૦૮/૨૦૨૧

પરિપત્ર- ૨૪૯
સંદર્ભ:- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીનો પત્ર ક્રમાંક: ISC-7/યુનિ/૨૦૨૧.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભાવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું, આઝાદીના કા અમૃતમહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અંતર્ગત શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓના પઠન કરવાની રાજ્ય કક્ષાની સ્પર્ધા તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ આયોજિત થનાર છે. આ સ્પર્ધામાં યુનિવર્સિટી કક્ષાએથી પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને મોકલવાના હોય યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાનું આયોજન તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. જેમાં આપની કોલેજ/કેન્દ્ર/ભવન ખાતે અભ્યાસ કરતા રસ ધરવતા વિદ્યાર્થીઓને નીચે દર્શાવેલ સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે.

સ્થળ: ઓડીટોરીયમ, સરકારી પોલીટેકનીક કોલેજ, ગદુકપુર, ગોધરા
તારીખ:૨૪/૦૮/૨૦૨૧, મંગળવાર.
સમય: બપોરે ૧૨:૦૦ કલાકે

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.
પ્રતિ,
- યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/પીજી.કેન્દ્રો/અનુસ્નાતક ભાવનોના આચાર્યશ્રીઓ/ ઇન્ચાર્જશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓ તરફ જાણ સારું.

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/ યુનિ./૨૦૨૧/ તા. /૦૮/૨૦૨૧

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી,

રાજ્યની સરકારી તથા ખાનગી યુનિવર્સિટીઓ,તમામ.

વિષય :"આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીયશાયર શ્રી ઝવેરચંદમેઘાણીની જન્મજયંતિની ઉજવણી કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, "આઝાદી કા અમૃત મહોત્સવ" કાર્યક્રમ હેઠળ તા.૨૮/૦૮/૨૦૨૧એ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની રાજ્યકક્ષાએ ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજ્યની તમામ યુનીવર્સીટીએ કરવાની કાર્યવાહીનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

(૧)આપની યુનિવર્સિટી તથા સંલગ્ન કોલેજોમાંથી સ્પર્ધકોને આમંત્રિત કરીને તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ યુનિવર્સિટીકક્ષાએ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચવામાં આવેલ કવિતાઓનું પઠન કરવાની સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.જેમાંથી પ્રથમ, દ્વીતીય અને તૃતિય ક્રમે આવેલ વિદ્યાર્થીને યુનિવર્સિટીના સ્વ-ભંડોળમાંથી પુરસ્કાર/ઈનામ આપવાનું રહેશે.

(૨)આપની યુનીવર્સીટીમાં પ્રથમક્રમે આવેલ વિદ્યાર્થીને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તા.૨૬/૦૮/૨૦૨૧ના રોજ કે.સી.જી. કચેરી, અમદાવાદ ખાતે આપની યુનિવર્સિટીના નોડલ અધિકારીશ્રીની ઉપસ્થિતીમાં મોકલી આપવાના રહેશે.

(૩)રાજ્યકક્ષાએ અનુક્રમે પ્રથમ,દ્વિતીય અને તૃતીયક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને પ્રોત્સાહકઇનામ સ્વરૂપે અનુક્રમે રૂ.૧૫,૦૦૦/-,૧૧,૦૦૦/-,૫,૦૦૦/-મળવાપાત્ર છે.

ઉપરોકત તમામ કાર્યવાહી ઓ.એસ.ડી.શ્રી આર.કે.શાહ(AISHE)એ એડવાઈઝરશ્રી કે.સી.જી. કચેરી,અમદાવાદનાં સંકલનમાં રહીને પૂર્ણ કરવાની રહેશે.

(જી.ટી.પંડ્યા,IAS)
નિયામક
ટેકનીકલ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

(એમ.નાગરાજન,IAS)
નિયામક
ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner

નકલ રવાના કાર્યવાહી અર્થે:-

- એડવાઈઝરશ્રી, કે.સી.જી. કચેરી, અમદાવાદ
- શ્રી આર.કે.શાહ(AISHE), કે.સી.જી. કચેરી, અમદાવાદ

---

શ્રેયાન અધિક્ષક ઈ-મેઈલ : ssuniversity-che@gujgov.edu.in Phone : 079 23254022

Scanned with CamScanner